# શ્રી પ્રજાપતિ સમાજ યુ.કે.

## વેલીંગબરો શાખા સમાચાર પત્ર

અંક નંબર ૯૧. ફ્રેબુઆરી ૨૦૧૫

All written correspondence to: Dhirubhai Mistry, 9 Whernside, Wellingborough, NN8 5QQ

Newsletter Editors: English – Satish Mistry, Gujarati – Naresh Lad

## શ્રી પ્રજાપતિ સમાજ યુ.કે.

## વેલીંગબરો શાખા અને સમીતિના નમેસ્તે અને જય શ્રીકીષ્ણ

૨૦૧૫ ના પહેલા સમાચાર પત્રમાં આપનુ સ્વાગત. આ વર્ષ પણ લોકલ અને મધ્યસ સંસ્થા માટે ધણા એવા કામો છે.અને ૨૦૧૪માં આપણા સમાજ ને આપના સહાય અને સહકારથી સમાજે છેલ્લા આઠ વર્ષ માં ૩૧૦૦૦ પૌંડનું ચેરીટીમાં દાન આપેલે છે. નવેમબરની ચેરીટી ફંડ રેઝરમા વેલીગબરૌના મેયર અને મેડમમેયર્સ ના આગમનથી શાખાની પ્રતીષ્ઠા અને ગૌરવ ની વાત છે. જો સમાજ ના બધા સભ્યો આ પ્રોગ્રમમાં આવી સાથ આપો તો આપનો ધણો આભાર.

### અગત્યની તારીખો:-

| | | |
|---|---|---|
| ૨૧ માર્ચ | સર્ધનરીજન ફંડરેઝીંગ કાર્યક્રમ | લંડન |
| ૧૮ એપ્રીલ | સીંગલ ? લેટસ મીંગલ | વોલસોલ |
| ૨૬ એપ્રીલ | મહિલા સંમેલન | બરમીંગહામ |
| ૯ મે | વેલીગબરો શાખા વેનડલ વોક | વેલીગબરો |
| ૭ જુન | ભુવનેશ્વરીમાતાજી કુમારીકા પૂજન | વેલીગબરો, હિન્દુંકોમ્યુનીટી સેન્ટર. |
| જુલાઇ-ઓગસ્ટ | સમાજ ની ક્રીકેટ ટુરનામેન્ટ | લેસ્ટર |
| ૧ ઓગ્સ્ટ | થેઇમસ બોટ પાર્ટી ને પાર્ટી | લંડન |
| ૧૨ સ્પટેમબર | સમાજ સ્પોર્ટ ડે | માહિતી બાકી છે. |
| ૧૪ નવેમબર | ચેરીટી ફંડ રેઝર | ડાયાના હેલ્થ કલ્બ, વેલીંગબરો. |

**વેન્ડલ વોક:-** આ વર્ષે આંતરરાષ્ટીય વેન્ડલ વોક શુક્રવાર ૮મે થી રવિવાર ૧૦મે સુધી છે. આ વોકમાં ૫,૧૦,૧૫,૨૫ અને ૪૨ કી.મી. ની વોક છે.કેટલુ ચાલવું એઆપના પર નીરભર છે. આપણી શાખા ૯ મે ના શનિવારે ભાગ લેસે જો આપને જોડાવું હોય તો નાનુ ભાઇ મિસ્ત્રી નો સંપર્ક કરવો. ૦૧૬૦૪ ૭૮૪૮૬૪ નહિતો ૦૭૯૮૦ ૫૭૫૨૧. આ વર્ષે ચેરીટી છે નીમહા નેશ્ટસ્ટેપ અને કીડસ એઇડ.

**નીષા લાડ:-** શાખા ની સભ્ય છે તેણી પોતાની યુનીર્વસીટીમાથી ગોબલ બ્રીગેડ જે ચેરીટી સંસ્થા છે. તે ગ્રુપમાં તેણીના મિત્રો સાથે હોન્ડુરસ, સાઉથ અમેરીકામાં ગયા હતા, તેનો બધો ખર્ચો પોતે કરવાનો હતો.આ વિધ્યાર્થીઓ એ ૧૦.મીટર બાઇ ૪.૫ મીટર નુ એક નાનુ સરખુ ઘર એક ગરિબ પરીવાર માટે બનાવ્યુ હતુ , તે ગરિબ પરીવારને મદદરૂપે થયા અને શ્રી પ્રજાપતિ સમાજ યુ.કે તરફથી દાન મળેલ તેનો હેવાલ અંગ્રેજીમા છે અને સાથે ફોટા પણ છે

### બેડમીંગટન કલબ:-

દર ગુરૂવારે સાજે ૭.૧૫ થી ૮:૪૫ વેલીગબરો હિન્દું કોમ્યુનિટી સેન્ટરમાં રાખવામા આવેલ છે

## ચેરીટી ફંડરેઝરઃ-

આપણી શાખાનો ફંડ રેઝીંગપાર્ટી શનિવાર તા.૧૫ નવેમબર ૨૦૧૪ ડાયાના હેલ્થ ક્લબ વેલીગબરો ખાતે હતી. પીંક અને બ્લુ નું થીમ રાખવામાં આવેલ હતો. ૧૮૦ જેટલા વ્યકિતઓ એ આ ભવ્ય પાર્ટી નો લાભ લીધો હતો. જેમાં આપણા વેલીગબરો ના મેયર તથા મેયર્સ તથા શ્રી પ્રજાપતિ સમાજ (H.Q).પ્રમુખ જીતુભાઇ તથા મંત્રી હંસાબેન ખાસ મહેમાનો તરીકે આવ્યા હતા.

ત્રણ જાતના પંજાબી ભોજન બરમીંગહામ વાલા નરેશભાઇ સરપાલે અને તેમના પરીવારે બનાવ્યુ હતું. સાથે સાથે રાફલ , ટમબોલા અને હિતેજ જોષી ડ્રીમ એન્ટ્રેઇનમેન્ટ તરફથી સુંદર સંગીત. વહેલી સવારે ૨ વાગે આપણો કાર્યક્રમ આનંદ પુર્વક પૂરો થયો.

સાથે સાથે ખાસ જણાવવું કે હર્ષા ચોહાને પોતે બ્લુ રાંગ ના વાળ પહેરીને ફંડ ભેગુ કરેલ છે. સાથે સાથે સમિતિ ના સભ્યો તથા વોલીન્ટરો, સ્પોનસરો, અને રાફલ અને ટમબોલા માટે દાન આપ્યુ તેમનો ઘણો આભાર.

આવતા વર્ષે ૧૫ નવેમબર ૨૦૧૫ ના પાછા મળવાનુ છે આ તારીખ ની નોધ લેસો. આ પાર્ટી ની ટીકીટો એકજ મહિનામાં વેચાઇ ગય હતિ.

## ભુવનેશ્વરી માતાજી કુમારીકા પૂજાઃ-

૭ જુન પહેલી વાર વેલીગબરો ખાતે ભુવનેશ્વરી માતાજી કુમારીકા પૂજન નો એક ભવ્ય પૂજનનું આયોજન હિન્દું કોમ્યુનીટી કરવામાં આવ્યુ છે . આપણા હિન્દું કલચરમાં નવરાત્રી ના સમયમાં ૨ થી ૧૦ વર્ષ ની કુમારીકા નું પૂજન કરવામાં આવે છે. આ પૂજન માં ૨ થી ૧૦ વર્ષ ની કુમારીકા ભાગ લઇ શકે છે. અને ફાયદા નીચે વાચો....

૨ વર્ષ ની -મા કુમારીકા દુર્ગા-આ પૂજન થી ભકતો ની દીનતા દૂર થાય છે, દુશમનો દૂર રહે અને બકતો ને જીવન ભર સંતતિ અને સંપતિ નો લાભ થાય છે

૩ વર્ષ ની- મા કુમારીકા ત્રીમુર્તિ-આ પૂજન થી ભકતો ને આધ્યમિકતા આવે, ધર્મ મળે છે અને દિર્ગ આયુષ્યઅને મોક્ષ મળે.

૪ વર્ષ ની-મા કાલ્યાની દુર્ગા- આ પૂજન થી ધાર્મિક જ્ઞાન મળે, પ્રગતિ, આશા પૂર્ણ થાય.

૫ વર્ષ ની-મા કાલીકા દુર્ગા- આ પૂજનથી અભાગ્ય દૂર થાય અને જીવનમાં પ્રગતિ થાય.

૬ વર્ષ ની મા- ચંદ્રિકા દુર્ગા-આ પૂજનથી અભાગ્ય દૂર થાય અને જીવનમાં પ્રગતિ થાય.

૭ વર્ષ ની મા- સામભવી દુર્ગા- આ પૂજનથી રાજ્યભિષેક મળે,ગરીબતા દૂર થાય, યુધ્ધમાં વિજેતા થાઓ.

૮ વર્ષ ની મા- મા દુર્ગા- આ પૂજનથી ભકતો ની દીનતા અને દુશમનો નો નાશ થાય,કરેલી મહેનતનું ફળ મળે અને મૃત્યુ બાદ સવર્ગમાં સરી જ્ગ્યા મળે

૯ વર્ષ ની મા- સુભદ્રા દુર્ગા- આ પૂજનથી ભકતો ની ઇચ્છા પ્રમાણે તેમને પરિણામ મળે છે

૧૦ વર્ષ ની મા- રોહીણી દુર્ગા- આ પૂજનથી ભકતોના રોગ, દુઃખ અને દર્દ દૂર થાય છે.

આપ સર્વે દેવી ભકતો ને હમોઆ ભવ્ય અને એક અનોખા પ્રંસગ પધારવાનુ આમંત્રણ પાઠવીએ છીએ.

પૂજનમાં ભાગ લઇ એ આધ્યાતમિક ઉર્શા ના ક્ષાશી બનો.

વધુ માહિતી અને યજમાન બનવા માટે મહેરબાની કરી ધીરૂભાઇ મિસ્ત્રી ને ફોન કરો.૦૧૯૩૩૦૬૭૩૭૩૨

**રાસ ગરબા–** રમેષભાઇ અને પરિવાર સાથે દક્ષિણ વિભાગમાં રાખવામાં આવેલ છે.ટિકિટ માટે ધીરૂભાઇ મિસ્ત્રી ને ફોન કરો.૦૧૯૩૩૦૬૭૩૭૩૨

**વર્ષ ૨૦૧૫ માટે..** ચેરેટી છે નિમહા બાળકોના કેનસર ના સંસોધન માટે ચેરેટી છે અને કિડઝ એઇડ નામની સંસ્થા છે જે સમાજમાં કે આ આધુનીક જમાના માં બાળકોની દેખરેખ રાખવામાં મદદ કરે છે.

**સભ્ય ફી** દરેક સભ્યોને વિનંતી કે વાર્ષિક સભ્ય ફી આપવી હાલે ૨ પોંડ વાર્ષિક અને ૨૫ પોંડ આજીવન સભ્ય માટે છે, એપ્રિલ ૨૦૧૫ થી વાર્ષિક ફી ૩ પોંડ અને આજીવન ફી ૩૫ પોંડ થસે.